## (1) GM પાક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) જનીનીક રીતે સુધારેલ પાકમાં માત્ર અન્ય છોડ કે વૃક્ષનું કોઈ જનીન જ દાખલ કરી શકાય છે.

(2) ભારતમાં Bt કોટન એકમાત્ર મંજૂરી મળેલ GM પાક છે.

(3) GEAC એ જનીનીક પાકની વ્યવહારું ખેતીની મંજૂરી આપતી મુખ્ય સંસ્થા છે.

(4) ભારતમાં કપાસના વિસ્તાર પૈકી 95% વિસ્તારમાં Bt કોટન ઊગાડવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ જે બીજમાં સુધારા કરવાના હોય તેમાં અન્ય જનીનને ભેળવવાની ક્રિયાને જનીનીક સુધાર (Genetic Modification) કહે છે. આ અન્ય જનીન કોઈ છોડ–વૃક્ષ, પ્રાણીનું હોય શકે છે અથવા તો તે જમીનનો કોઈ બેક્ટેરિયા પણ હોય શકે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ભારતમાં કાયદાકીય રીતે માત્ર એક જ GM પાકને મંજૂરી મળેલ છે. આ પાક Bt કોટન છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વર્ષ 2002માં GEAC દ્વારા Bt કોટનને મંજૂરી આપવામાં આવી હતી.

⇛ ત્યારથી અત્યાર સુધીમાં કપાસના વિસ્તાર પૈકી 95% વિસ્તારમાં Bt કોટન ઊગાડવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ભારતમાં GM પાકની વ્યવહારુ ખેતી માટે GEAC દ્વારા મંજૂરી મળવી જરૂરી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ GEACનું પૂરુંનામ Genetic Engineering appraisal Committee છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) પોલિયો વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) પોલિયો જ્ઞાનતંતુ પ્રણાલિ (Nervous System)ને અસર કરે છે.

(2) પોલિયોને રસી દ્વારા અટકાવી શકાય છે.

(3) પોલિયોના વાયરસ આંતરડામાં વિકાસ પામે છે.

(4) ભારતને વર્ષ 2010માં પોલિયો–મુક્ત જાહેર કરવામાં આવ્યું હતું.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ પોલિયો શરીરની જ્ઞાનતંતુ પ્રણાલિને અસર કરતો એક ખતરનાક રોગ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રોગ માણસથી માણસમાં ફેલાય શકે છે.

⇛ પોલિયો હોવા છતાં ઘણાં લોકો માંદગી અનુભવતા નથી. લોકોને કેટલાંક સામાન્ય લક્ષણો જેવાં કે તાવ, થકાન, માથું દુ:ખવું, ગળામાં તકલીફ, કળતર વગેરે જોવા મળે છે.

⇛ આ વાયરસ આંતરડામાં વૃદ્ધિ પામે છે અને સમય જતાં તે જ્ઞાનતંતુને અસર કરીને શરીરને પેરાલાઈઝ કરી શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પોલિયોને રસીકરણ દ્વારા અટકાવી શકાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારતમાં ત્રણ વર્ષ સુધી પોલિયોના શૂન્ય કેસ જોવા મળતાં વર્ષ 2014માં ભારતને પોલિયો મુક્ત જાહેર કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે છત્તીસગઢમાં આવેલું છે.

(2) તે છોટા નાગપુર ઉચ્ચપ્રદેશના કિનારે આવેલું છે.

(3) બારાશિંગા (Swamp deer)ની પ્રજાતિને લુપ્ત થતાં અટકાવી તેનું સંવર્ધન કરવામાં તેનો ફાળો મુખ્ય છે.

(4) અહીં રોયાલ બેંગાલ ટાઈગર પણ જોવા મળે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (3) અને (4)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન તથા ટાઈગર રિઝર્વ મધ્યપ્રદેશમાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થાપના વર્ષ 1955 થઈ હતી તથા વર્ષ 1973માં તેને ટાઈગર રિઝર્વનો પણ દરજ્જો મળેલ છે.

⇛ તે મધ્યપ્રદેશનું તથા કેન્દ્રિય ભારતનું સૌથી મોટું રાષ્ટ્રીય ઉદ્યાન છે.

⇛ તે સાતપુરાની ટેકરીઓમાં મૈકલ શ્રેણી પર આવેલું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ બારાશિંગા એકસમયે લુપ્ત થવાની અણી પર હતું પરંતુ આ ઉદ્યાનના પ્રયત્નોથી હવે તેની પ્રજાતિનો વિકાસ થઈ રહયો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ ઉદ્યાનમાં જોવા મળતાં કેટલાંક મહત્ત્વના પ્રાણીઓ : રોયલ બેંગાલ ટાઈગર, ભારતીય ચિત્તો, બારાશિંગા, જંગલી કુતરાઓ વગેરે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) IRENA વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી છે.
(2) તે એક આંતર સરકારી સંસ્થા છે જે પુનઃપ્રાપ્ય ઊર્જાના ટકાઉ ઉપયોગ માટે કાર્ય કરે છે.
(3) તેનું વડુંમથક આબુ ધાબીમાં આવેલું છે.
(4) તે સંયુકત રાષ્ટ્રનું ઓફિશિયલ ઓબ્ઝર્વર છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ IRENAનું પૂરુંનામ ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે એક આંતરસરકારી સંસ્થા છે જે પુનઃપ્રાપ્ય ઊર્જાના વપરાશ માટે સહકાર, જ્ઞાન, પ્રોત્સાહન, તેને અપનાવવા માટે તથા તેના ટકાઉ ઉપયોગ માટે કાર્ય કરે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે પ્રથમ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે સંપૂર્ણ રીતે પુનઃપ્રાપ્ત ઊર્જા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

⇛ તેની સ્થાપના વર્ષ 2009માં થઈ હતી. તેનું વડુંમથક આબુ ધાબીના મસ્દરસિટિમાં આવેલું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે સંયુકત રાષ્ટ્રનું ઓફિશિયલ ઓબ્ઝર્વર છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેમાં યુરોપિયન યુનિયન અને 160 દેશ સભ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) ચલાકુડી (Chalakudy) નદી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનો ઉદ્દભવ અનાઈમલાઈ વિસ્તારમાંથી થાય છે.

(2) પ્રખ્યાત જળધોધ 'અથીરાપલ્લી' આ નદી પર આવેલો છે.

(3) આ નદી આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કેરળમાંથી વહે છે.

(4) આ નદી કેરળમાં અરબસાગરમાં ભળે છે તથા અંત પામે છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (3)

(D) માત્ર (2) અને (4)

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં કેરળ સરકાર દ્વારા ચલાકુડી નદી પર અથીરાપલ્લી હાઈડ્રો–ઈલેક્ટ્રીક પ્રોજેક્ટ માટે મંજૂરી આપવામાં આવી છે.

⇒ આ નદી પર વર્તમાન સમયે ઊર્જા માટે 5 ડેમ છે તથા સિંચાઈ માટે પણ એક ડેમ છે.

⇒ આ નદીનો ઉદ્દભવ તમિલનાડુના અનાઈમલાઈ અથવા અન્નામલ્લાઈ વિસ્તારમાંથી થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ નદી તમિલનાડુ અને કેરળમાંથી પસાર થાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ આ નદી પર ઘણાં મહત્ત્વના જળધોધ આવેલાં છે. જેમાં અથીરાપલ્લી અને વાઝાચલ મુખ્ય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ નદી એર્નાકુલમ જિલ્લામાં પેરિયાર નદીને મળે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT